~

પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર
સ્પેશ્યલ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬
E mail ID: spl-cp-raj@gujarat.gov.in

********મકાન ભાડા અંગેનું જાહેર નામું********

********ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) - ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે કાઢેલ હુકમ********

ક્રમાંક: એસબી/૧૪/જાહેરનામુ/ ૬૬૦૦ /૨૦૨૫

તારીખ: ૨૨ /૦૪/૨૦૨૫

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખત અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી-અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔધોગીક વિસ્તારોમા ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરતા હોય છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવા તત્વો કોઇના મકાન ભાડે રાખીને રહેતા હોય છે અને જગ્યા વિગેરેને સર્વે કરી સ્થાનિક પરીસ્થિતીથી માહીતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી રાજકોટ શહેર વિસ્તારમાં રહેણાંક તથા ઔધોગીક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશ તથા રાજયની સુરક્ષાના પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે હું બ્રજેશ કુમાર ઝા, આઇ.પી.એસ., પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) - ૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સતાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS) - ૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માટે અધિકૃત કરૂ છું.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં કોઇ મકાન/ઔધોગીક એકમો/ ઓફીસો /દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજોના માલીકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે મકાનો/ ઔધોગીક એકમો /ઓફીસો/ દુકાનો/ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજો ભાડે આપે ત્યારે સબંધીત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન/ઔધોગીક એકમ/દુકાન/ ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજ ભાડે આપી શકશે નહી. તેમજ તમામે Citizen Portal, Citizen First Application મારફતે તેનું ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. અને ભાડે આપેલ મકાનો/ઔધોગીક એકમો/દુકાનો/ઓફીસો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોની વિગત ભાડુઆત અને મકાન/ઔધોગીક એકમ/દુકાન/ઓફીસ/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીક કે સબંધીત સંચાલક કે જેઓએ ભાંડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગે તમામે જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે તેમજ આવા મકાન/ઔધોગીક એકમ/દુકાન/ ઓફીસ/દુકાન/ગોડાઉન/કોલ્ડ સ્ટોરેજના માલીકો/આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો અને ભાડે રાખનાર વ્યકિતએ જે-તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં નોંધણી કરાવવાની રહેશે, અને સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા નિયત નમુના મુજબનું ફોર્મ આપવામાં આવે જે ફોર્મ ભરી <u>જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે, અને આ અંગે પો.સ્ટે.ના પોલીસ સ્ટેશન ઓફીસરે રજીસ્ટર નિભાવવાનું રહેશે</u>

| અ. નં. | મકાન માલીકનું નામ તથા ભાડે મકાન/ ઔધોગીક એકમ /ઓફીસ/ દુકાન/ ગોડાઉન /કોલ્ડ સ્ટોરેજની વિગત કયા વિસ્તારમાં કેટલા ચોર મીટર બાંધકામ છે તેની વિગત | મકાન/ઔધોગીક એકમ/ઓફીસ/ દુકાન/ગોડાઉન/ કોલ્ડ સ્ટોરેજ ભાડે આપવા સત્તાં ધરાવતાં વ્યકિતનું નામ | મકાન/ઔધોગીક એકમ/ દુકાન /ઓફીસ /ગોડાઉન /કોલ્ડ સ્ટોરેજ કયારે ભાડે આપેલ છે તેનું માસીક ભાડુ કેટલું છે? | કઇ વ્યકિતને ભાડે આપેલ છે? તેના પાકા નામ સરનામા, પાસપોર્ટ ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ફોટા પુરાવા સાથે આપવા | મકાન/ઔધોગીક એકમ/ દુકાન /ઓફીસ /ગોડાઉન /કોલ્ડ સ્ટોરેજ ના માલીક ને ભાડુઆત નો સંપર્ક કરાવનાર તથા ઓળખ આપનાર વ્યકિતનું નામ, સરનામું તથા પાસપોર્ટ ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, વિગેરે પુરાવા સાથે આપવા | મકાન માલિક તેમજ ભાડે રાખનારના ફોટા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

*********** અમલવારીનો સમય ***********

આ હુકમનો અમલ તા.૦૧/૦૫/૨૦૨૫ કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી

****** અમલવારીનો વિસ્તાર ******

પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

****** સજા ******

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) – ૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખઃ-૨૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ સવિનય રવાનાઃ-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, કાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, બીજા માળે, ગાંધીનગર.
(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર
(પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૩) પો.ઇન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.
(૨૪) એ.સી.પી.શ્રી, સાયબર કાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૫) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)